
# ગુજરાતમાં ૪૦ બંદરો ૪૫ હજાર કરોડના ખર્ચે વિકસાવાશે : મોદી

## ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ૫૦૦ કરોડના ખર્ચે બ્રીજ બનાવાશે : ગુજરાતની યાત્રાના બીજા દિવસે વડાપ્રધાન મોદી સોમનાથમાં : અભિવાદન કાર્યક્રમમાં કંડલામાં ૪૦૦ એકરમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પોર્ટ સિટીની જાહેરાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત યાત્રાના આજે બીજા દિવસે સવારમાં સોમનાથમાં પહોંચ્યા હતા. જ્યાં તેઓએ જુદા જુદા કાર્યક્રમોમાં હાજરી આપી હતી. સાથે સાથે સોમનાથમાં મોદીએ કેટલીક મોટી જાહેરાતો પણ કરી હતી. મોદીએ ઓખાથી બોટ દ્વારકા વચ્ચે ૫૦૦ કરોડના ખર્ચે આઈકોનિક બ્રીજ બનાવવાની જાહેરાત કરી હતી. સાથે સાથે ગુજરાતમાં ૪૦ બંદર ૪૫ હજાર કરોડના ખર્ચે ડેવલોપ કરવાની પણ જાહેરાત કરી હતી. સાથે સાથે કંડલા પોર્ટ બંદરે ૧૪૦૦ એકડમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પોર્ટ સિટી બનાવવાની જાહેરાત કરી હતી. ગરીબ માછીમારો માટે ૫૦ ટકા સબસીડીથી બોટ ખરીદવાની યોજના બનાવવાની પણ જાહેરાત કરી હતી. આ તમામ જાહેરાતો લોકલક્ષી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ગુજરાતની યાત્રાના પ્રથમ દિવસે ગઈકાલે મંગળવારે મોદીએ ગુજરાતના આઠ રાજ્ય ધોરીમાર્ગોને ૧૨ હજાર કરોડના ખર્ચથી રાષ્ટ્રીય ધોરી માર્ગોમાં ફેરવી નાખવાની જાહેરાત કરી હતી. આજે સોમનાથ ખાતે યોજાયેલી અભિવાદન સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારા પર સાગર માલા પ્રોજેક્ટ અન્વયે ૪૫ હજાર કરોડના ખર્ચે ૪૦ પોર્ટને વિકસાવવાની જાહેરાત કરી હતી. તેમણે ગરીબ માછીમારો માટે મંડળી બનાવી ૫૦ ટકા સબસીડીથી બોટ ખરીદવા અંગેની યોજના બનાવવાની પણ જાહેરાત કરી હતી. અભિવાદનના પ્રતિભાવ ભાષણમાં મોદીએ જણાવ્યું હતું કે, ગરીબ અને અમીર વચ્ચેની ખાઈ દુર કરવા માટે કેન્દ્ર સરકાર સુગ્રથિત આયોજન થકી પરિણામલક્ષી પ્રયાસો કરી રહી છે. ગરીબોને લાભ મળે એ માટે બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. પરંતુ





આટલા વર્ષો સુધી ગરીબો બેંક સુવિધાથી વંચિત રહ્યા હતા. તેના પરિણામે પ્રધાનમંત્રી જનધન યોજના અમલમાં મુકવામાં આવી અને ગરીબોના બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે. ૨૧ કરોડ લોકોને રૂપે ડેબીડ કાર્ડ થકી બેંક સુવિધા સાથે સાંકળી દેવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, પહેલા ટુકડે ટુકડે વિકાસ થતો હતો. પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં સુવિચારિત આયોજન થકી વિકાસ કામો કરવામાં આવ્યા છે અને તેના સકારાત્મક પરિણામો મળ્યા છે. મોદીએ આ બાબતને કન્યાઓ માટે ટોઈલેટ અને ગામડાઓમાં વીજળીકરણનું ઉદાહરણ આપી વિસ્તૃત રીતે સમજાવી હતી. કેન્દ્ર સરકારના સાગર માલા પ્રોજેક્ટ થકી દરિયા કિનારાના વિસ્તારોમાં રોજગારીની તકો વધશે અને લોકોનું જીવન ધોરણ ઉંચુ આવશે, તેમ કહેતા મોદીએ ઉમેર્યું કે, ૮ લાખ કરોડના ખર્ચથી દેશના ૪૦૦ પોર્ટ ફિશીંગ સ્થળો વિકસાવવામાં આવશે. જેમાં, ગુજરાતમાં ૪૫ હજાર કરોડથી ૪૦ બંદરોનો વિકાસ કરવામાં આવશે. તેમાંથી ૧૮ પોર્ટને આદુનિક બનાવવામાં આવશે. ૧૧ પોર્ટની રેલવે, માર્ગ, એર કનેક્ટીવીટી વધારવામાં આવશે ૭ પોર્ટમાં ઔદ્યોગિક વિસ્તારો ડેવલપ કરવામાં આવશે. જ્યારે ૪ પોર્ટને કોસ્ટલ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવામાં આવશે. વડાપ્રધાન કંડલા બંદરને સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પોર્ટ સિટી તરીકે ડેવલપ કરવાની પણ જાહેરાત કરી હતી. ૧૪૦૦ એકરમાં પોર્ટ સિટી બનશે અને તેના કારણે ૫૦ હજાર રોજગારીની તકોનું નિર્માણ થશે. આ ઉપરાંત ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ૫૦૦ કરોડના ખર્ચથી આઈકોનિક બ્રિજ બનાવવાની પણ ઘોષણા કરી હતી. આ બ્રિજ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરે તે સાથે સાયકલ પાથ, વોકર્સ વે, કાર વે જેવી સુવિધા પણ હશે. આ બ્રિજનું કામ પરિક્ષણ તબક્કા સુધી પહોંચી ગયાની મોદીએ વિગતો આપી હતી.

આ ઉપરાંત ગુજરાતના ૮ રાજય ધોરી માર્ગોને ૧૨ હજાર કરોડના ખર્ચથી રાષ્ટ્રીય ધોરી માર્ગોમાં પરિવર્તિત કરવાની યોજના પણ જણાવી હતી. વડાપ્રધાને રાષ્ટ્રધ્વજ આધારીત ચાર રંગ આધારીત વિકાસ સાધવાની નેમ વ્યક્ત કરી હતી. કેસરીયો રંગ ઉર્જાનું પ્રતિક છે. સરકાર પુનઃ પ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન કરશે. લીલા રંગના આધારે હરીત ક્રાંતિ કરવાની તેમણે વાત કરી હતી. ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવામાં આવશે. તિરંગામાં સફેદ રંગ મુજબ શ્વેતક્રાંતિ કરવાનો મોદીએ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. મોદીના સ્વાગત માટે અનેક ટોચની હસ્તીઓ પણ પહોંચી હતી.






## બાયડ ખાતે ઠાકોર સેના દ્વારા રોડ ચકકાજામ

છેલ્લા બે દીવસ થી ભારત ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત ના પ્રવાસે છે ત્યારે ઓબીસી એકતા મંચ અને ઠાકોર સેના ના ગુજરાત ના અલ્પેક્ષ ઠાકોર ધ્વારા ગુજરાત ના બેરોજગારો અને આશાવર્કરો તેમજ આંગણવાડી કર્યકરો ના પ્રશ્નો ને લઈ ને ભારત ના વડાપ્રધાન નરેન્દ્રમોદી ને મળવા જવાના હતા ત્યારે પોલીસે ધ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી જેને લઈ ને સમગ્ર ગુજરાત માં ઠાકોરસેના અને ઓબીસી એકતા મંચ ના કાર્યકરો રોડ ઉપર ઉતરી આવ્યા હતા જેમાં આજે બપોરે અલ્પેશ ઠાકોર ની ધરપકડ ના સમાચાર વાયુવેગે પ્રસરતા ની સાથે જ બપોરે બાયડ બસસ્ટેશન ખાતે ઠાકોર સેના કાર્યકરો મોટી સંખ્યા માં ઉમટી પડયા હતા અને ૧ કલાક સુધી મોડાસા થી મુંબઈ ને જોડતા હાઈવે ને ચકકાજામ કરી દિધો હતો ઠાકોર સેના ના અંદાજે ૫૦૦ જેટલા કાર્યકરો રોડ ઉપર ઉતરી આવ્યા હતા અને રોડ ઉપર પાઈપો મુકી અને ટાયરો ળગાવી સમગ્ર હાઈવે ને બાન માં લીધો હતો જયારે અલ્પશે ઠાકોર ની રીહાઈ ની માંગ સાથે નારા લગાવ્યા હતા અને આ ચકકાજામ ને પગલે લાબો ટ્રાફીક જામ લાગી ગયો હતો એક સમય માટે વાતાવરણ માં ગરમાવો આવી ગયો હતો ત્યારબાદ પોલીસે આવી ને બાયડ તાલુકા ના ઠાકોર સેના ના અગ્રણી ધવલસિંહ ઠાકોર અને કાર્યકરો ની અટકાયત કરવામાં આવી હતી.

## આ પણ વાંચીએ...

### ● વડોલોએ બદલ્યો દૃષ્ટિકોણ તો વધી ગઈ દિકરીઓની સંખ્યા



જે પ્રદેશમાં કન્યાઓની ભ્રૂણમાં જ હત્યા કરવાના બનાવો સૌથી વધુ બને છે તેવા હરિયાણાના પ્રદેશે આ દાગને ન માત્ર ધોઈ ખાઢ્યો છે પરંતુ એ મામલે ઉદાહરણરૂપ કામ કર્યુ છે. હરિયાણાના સોનીપત જિલ્લાના રાઈ ગામના વડીલોએ એક મહિલા સરપંચ કમલાદેવીના પ્રયત્નોથી કન્યાઓ મામલે પોતાનો દૃષ્ટિકોણ બદલ્યો હતો અને તેઓની સંખ્યા વધારવાના પ્રયત્નો શરૂ કર્યા. જેના કારણે ૨૦૦૫માં ૧૦૦૦ કિકરીઓની સામે ૭૬૦ દિકરીઓ હતી તે સંખ્યા આજે ૮૨૫ સુધી પહોંચી ગઈ છે.

### ● વુમન્સ ડે સેલીબ્રેશન ! આ દેશમાં હશે ટ્રાફિક સિગ્નલમાં મહિલા આકૃતિ



આંતરરાષ્ટ્રીય મહિલા દિને ઓસ્ટ્રેલીયાએ મહિલાઓના સમાનતા મામલે એક મોટુ પગલુ લીધુ છે. ઓસ્ટ્રેલીયાની રાજધાની મેલબોર્નમાં ટ્રાફિક સિગ્નલો પર હવે પુરુષોની સાથે સાથે મહિલા આકૃતિ પણ પ્રદર્શિત થશે. આવી ૧૦ ટ્રાફિક લાઈટમાં સુધારો કરાયો છે. ટ્રાફિક સિગ્નલમાં ઓસ્ટ્રેલીયાની સ્થાનિક સરકારમાં ચૂંટાનાર મહિલા મેરી રોજર્સની આકૃતિ મુકવામાં આવી છે.

### ● વિશિષ્ટ પ્રજાતિના આ કૂતરાની કિંમત છે અધધ ૧૫ કરોડ રૂપિયા



જે કૂતરાની ખરીદ કિંમતમાં એક નાનુ પ્લેન આવી શકે છે તેવા આ વિશિષ્ટ પ્રજાતિનો કૂતરો તાજેતરમાં જયપુરમાં યોજાયેલા એક ડોગ શૉ નો મહેમાન બન્યો હતો. તિબેટીયન મસ્ટીફ બ્રીડનો આ કૂતરો ૨૪ કલાક એસીમાં રહે છે. તેને દર ૧૫ દિવસે સ્પાની ટ્રીટમેન્ટ આપવી પડે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ૧૫ થી ૩૦ કરોડ રૂપિયા છે.

## અરવલ્લી જિલ્લાનુ આરોગ્ય ખાતુ ઊંઘતું ઝડપાયું
# ગર્ભ પરીક્ષણની શંકાને પગલે મોડાસાના જાણીતા તબીબી સોમપુરાની અટકાયત
### રાજસ્થાનની પોલીસે કરી અટકાયત : રાજસ્થાન પોલીસ શંકાને પગલે આખુ મશીન ઉઠાવી ગઈ

અરવલ્લી જીલ્લો એ રાજસ્થાન ની સરહદ ને અડી ને આવેલો જીલ્લો છે રાજસ્થાન ના મોટાભાગ ના લોકો તબીબી સારવાર માટે અરવલ્લી જીલ્લા ના મુખ્ય મથક મોડાસા ખાતે આવતા હોય છે ત્યારે આજે અરવલ્લી જીલ્લા નમુખ્ય મથક મોડાસા ખાતે આ મોડાસા ના ડોકટર સોમપુરા ઝડપાઈ ગયા હોવાની ચર્ચા એ આજે મોડાસા શહેર માં જોર પકડયુ છે. જયારે રાજસ્થાન ની અરોગ્ય વિભાગ અને પોલીસે આ રેડ કરી અને ડોકટરને રાજસ્થાન લઈ ગઈ ત્યાં સુધી અરવલ્લી જીલ્લા ના આરોગ્ય વિભાગ અને




ખ્યાતનામ હોસ્પીટલ ગાયત્રી મટેરનીટી ના ડોકટર સોમપુરા ને રાજસ્થાન પી.એનડ ડીટી વિભાગ ની ટીમ અને પોલીસ ધ્વારા ગર્ભપરીક્ષણ કરતા હોવાની શંકા ના પગલે અટકાયત કરતા આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો છગુજરાત રાજય માં સરકાર નો ગર્ભપરીક્ષણ ન કરવાનો નિયમ હોવા છતાં અરવલ્લી જીલ્લા ના ૌડાસા ખાતે આવેલ ગાયત્રી મેટરનીટી હોસ્ણીટલ ના ડોકટર ધ્વારા ગેરકાયદેસર રીતે ગર્ભપરીક્ષણ થતુ હોવાની ફરીયાદ રાજસ્થાન પી એન્ડ ડીટી વિભાગને બાતમી મળી હતી જેના આધારે આજે આટીમે એક ડમી દર્દી ઉભો કરી હોસ્પિટલ માં ગર્ભપરિક્ષણ કરાવવા મોકલ્યો હતો અને જે છટકામાં વહિવટી તંત્ર આ વાતથી બીલકુલ અજાણ હોવાનુ બહાર આવ્યુ છે. છેલ્લા ૬ મહિનાની અંદર સાબરકાંઠા ના હિંમતનગર અને ખેડબ્રહમા ના બે ડોકટરો ને રાજસ્થાની ટીમો ધ્વારા ગેરકાયદેસર રીતે ગર્ભપરિક્ષક રતાં ઝડપી પાડયા છે. બીજી બાજુ ડોકટરો આવી ગર્ભવતી મહિલાના પરીવાર જોડેથી બેરોકટોક આ ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ ના મામલે ૧૦ હજાર થી ૧૫ હજાર રપિયા પડાવીને સરેઆમ કાયદાનુ ઉલલઘન કરી રહયા છે. અહિયા પ્રશ્ન એ ઉપસ્થીત છે કે જો રાજસ્થાની ટીમ આવા ડોકટરો ને ઝડપી શકુ છે તો ગુજરાત રાજય નુ આરોગ્ય ખાતુ અને અરવલ્લી જીલલા નુ આરોગ્ય ખાતુ આવા ડોકટરો ને કેમ છાવરી રહયુ છે. તે એક મોટો યશ પ્રશ્ન છે.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભ આપવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન કુલ ૧૩૮૨ લાભાર્થીઓને ૧૩૮.૨૦ લાખની સહાય ચુકવવામાં આવી હતી.

**શહેરમાં સુરક્ષા અને સલામતી માટે માત્ર ૬ ઠેકાણે કેમેરા**

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં વિવિધ ૬ સ્થળોએ કુલ ૧૮ કેમેરા લગાવાયા છે. શહેરમાં સલામતીના ભાગરૂપે વિવિધ જાહેર સ્થળોએ કેમેરા લગાવાની યોજના અમલી બનાવાઈ હતી. પરંતુ શહેરમાં હજુ પુરતા ઠેકાણે કેમેરા લગાવાયા નથી. જયારે કેટલાક ઠેકાણે સી સી ટી વી કેમેરા બંધ હાલતમાં હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેના પરિણામે નગરમાં તસ્કરી વૃતિ અને અકસ્માતની ઘટનાઓ કેમેરામાં કેદ થઈ શકતી ન હોવાનો આક્રોશ પણ નગરજનો ઠાલવી રહયા છે. વિધાનસભામાં આ મામલે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં ગૃહ મંત્રીએ જણાંવ્યા મુજબ શહેરમાં છેલ્લા બે વર્ષમાં સેફ એન્ડ સિક્યુર ગુજરાત પ્રોજેકટ હેઠળ શહેરમાં વિવિધ ૬ ઠેકાણે કુલ -૧૮ કેમેરા લગાવાયા છે.

## સાથે સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- વડાપ્રધાન મહાત્મા મંદિરનો કાર્યક્રમ સંપન્ન કરી થોડોક સમય રાજભવન રોકાયા હતા અને સાંજે ૬.૪૫ વાગ્યા પછી દિલ્હી જવા રવાના થયા હતા.
- મહાત્મા મંદિરમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ ડાયસ પર સ્થાન આપવામાં આવ્યુ હતુ તેમજ વડાપ્રધાનના આગમન પૂર્વે તેમણે સંબોધન પણ કર્યુ હતુ. જેમાં મહિલા સશક્તિકરણની દિશામાં લીધેલા પગલાંઓની વિગતો આપી હતી.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ હતુ કે છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં ૨૬ લાખ શૌચાલય બનાવાયા છે.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારને શૌચાલય ધરાવે છે કે નહિ તે અંગેની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવુ પડે છે એમ પણ મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યુ હતુ.

## વિસ્ફોટકો જપ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સંબંધ ધરાવતો હતો. પાટનગર લખનૌમાં ઠાકુરગંજ વિસ્તારમાં ઠાર થયેલા આઈએસના ત્રાસવાદી સૈફુલ્લાના ઈરાદા ખૂબ જ ખતરનાક હતા. તેની પાસેથી મળી આવેલા હથિયારોથી આ મુજબની સાબિતી મળી રહી છે. સૈફુલ્લા પાસેથી જે વિસ્ફોટકો મળી આવ્યા છે તેનાથી ભારે નુકસાન થઈ શક્યું હોત. તેની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો મળ્યા છે જેમાં ૬૫૦ જીવતા કારતૂસ, મોટી માત્રામાં વિસ્ફોટક, વિસ્ફોટક બનાવવાની સામગ્રી, ભારતના નકશા, ભારતીય નોટ, આઠ પિસ્તોલ, બેટરી ચાર્જર, પાસપોર્ટ, નાની ઘડિયાળ, ચાકુ, સીમકાર્ડ અને આઈએસના ધ્વજનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશ પોલીસે આ ઘટનામાં આઈએસના હાથ હોવાની શંકાને સાચી ઠેરવી દીધી છે. સૈફુલ્લાને આજે વહેલી પરોઢે ઠાર કરી દેવામાં આવ્યો હતો. એક વખતે લાગી રહ્યુ હતુ કે એકથી વધારે ત્રાસવાદી છે પરંતુ એક ત્રાસવાદી નિકળ્યો હતો. બીજી બાજુ એટીએસના મહાનિર્દેશક અસીમ અરૂણે કહ્યુ છે કે ઠાર થયેલો ત્રાસવાદી આઈએસનો શખ્સ હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યના ઠાકુરગંજના હાજી કોલોનીમાં એક ઈમારતમાં આ ત્રાસવાદી છુપાઈ ગયા બાદ સુરક્ષા દળોએ તેને મોતને ઘાટ ઉતારી દેવા મોટા પાયે ઓપરેશન હાથ ધર્યુ હતુ. છુપાઈ ગયેલા ત્રાસવાદીને પહેલા જીવિત પકડી પાડવા માટેના પ્રયાસમાં હાત ધરવામાં આવ્યા હતા. હાજીકોલોનીની જે ઈમારતમાં ત્રાસવાદી છુપાયેલો હતો તેને ચારેબાજુથી એટીએસ અને અન્ય સુરક્ષા દળોએ ઘેરીને ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. એટીએસ દ્વારા તેને પકડી પાડવા માટે જુદા જુદા પ્રયોગો કરવામાં આવ્યા હતા. ત્રાસવાદીએ વારંવાર ગોળીબાર પણ કર્યો હતો. બીજી બાજુ આ બનાવ બન્યા બાદ દેશભરમાં એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી હતી. એટીએસના આઈજીએ લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતુ કે તપાસ હાથ ધરવામાં આવ્યા બાદ આ ત્રાસવાદીએ ઈમારતમાં પોતાના રુમને બંધ કરી લેતા શંકા વધી ગઈ હતી. ત્રાસવાદી છુપાયેલો હોવાની માહિતી મધ્યપ્રદેશ પોલીસ દ્વારા આપવામાં આવી હતી. આઈજીએ કહ્યું હતુ કે, આ શખ્સને પકડી પાડવા માટે સૌથી પહેલા ચીલી ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો પરંતુ તે બહાર આવ્યો ન હતો અને નિયમિત ગાળામાં ગોળીબાર કરી રહ્યો હતો.

## રાષ્ટ્રીય ઓળખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ વિશેષ રીતે પ્રશંસા કરી હતી. સ્વચ્છતાના બે વર્ષના પ્રયાસોને શૌચાલયોની સંખ્યા ૪૨ ટકાથી વધારીને ૬૨ ટકા સુધી લઈ જવામાં સફળતા મળી છે. ભારતની સરપંચ મહિલાઓ ખુલ્લામાં શૌચક્રિયાનો વરોધ કરે અને અત્યંત સુક્ષ્મતા પૂર્વક ગતિને સમયબદ્ધ રીતે આગળ વધારીએ તો ટાર્ગેટ સુધી પહોંચી શકાય છે. સ્વચ્છતાને જીવનનું મૂલ્ય બનાવીને દિશામાં આગળ વધવાની જરૂર છે. થાક્યા વિના અને હાર્યા વિના કામ પર આગળ વધવા મહિલા સરપંચોને મોદીએ અપીલ કરી હતી. વડાપ્રધાનના સંબોધન પહેલા સ્વચ્છતા અને શૌચાલય ક્ષેત્રે વિશેષ કામગીરી માટે ૧૦ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે આજે આઠમી માર્ચના દિવસે દેશના જુદા જુદા વિસ્તારોમાંથી આવેલી માતા અને બહેનોના દર્શન અને આશિર્વાદ મળવાનું સૌભાગ્ય મળ્યું છે. સ્વચ્છ શક્તિનો આ સમારોહ છે. ૨૦૧૯માં મહાત્મા ગાંધીના ૧૫૦ વર્ષ પુરા થઈ રહ્યા છે ત્યારે બાપુના સ્વચ્છતાના સપનાને પરિપૂર્ણ કરવા મોદીએ તમામને અપીલ કરી હતી. સ્વચ્છતા રાષ્ટ્રીય ઓળખ બને તે દિશામાં આગળ વધવાની જરૂર છે.

## સમાજમાં અગ્રેસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિરૂદ આપ્યું છે. સીતા રામ રાધે કૃષ્ણમાં પહેલા સન્નારીનું નામ મુકીને આપણે મહિલાઓને આદર આપ્યું છે. નારી માં નર શબ્દ પાછળ આવે છે. વુમન માં મેન શબ્દ અને ફીમેલ માં મેલ શબ્દ પાછળ આવે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, કલા, કૌશલ્ય, જ્ઞાન વિજ્ઞાન, નેતૃત્વ જેવા તમામ ક્ષેત્રોમાં મહિલાઓએ નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. રાજય સરકારે પણ બેટી બચાવો, કન્યા કેળવણી, પોલીસમાં આરક્ષણ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકા સ્થાન, વિદ્યાર્થીઓને વિનામુલ્યે શિક્ષણ, અભયમ હેલ્પલાઈન જેવી અનેક યોજનાઓથી બહેનોને વિશેષ મહત્વ આપ્યું છે. દુનિયાની, દેશની અને રાજયની સંપૂર્ણ વ્યવસ્થામાં મહિલાઓ સહભાગી બને અને જવાબદારીઓ સંભાળે એ માટે તેમણે મહિલાઓને અંતરથી શુભકામનાઓ પાઠવી હતી. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે વિશ્વ દેશ અને રાજયની મહિલાઓને શુભેચ્છા આપતા કહ્યું કે, રાજય સરકાર દ્વારા ચૂંટાયેલા ધારાસભ્યોને વિશ્વ મહિલા દિનની ભેટ આપી છે. જેમાં માર્ગ મકાનમાં વિકાસ કામો માટે પ્રત્યેક ધારાસભ્યોને ૧ કરોડની વધારાની ગ્રાન્ટ રાજય સરકાર આપશે.

## અસીમાનંદ નિર્દોષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દાખલ કરવામાં આવી હતી. પહેલી એપ્રિલ ૨૦૧૧ના દિવસે આ મામલાની તપાસ એનઆઈએને સોંપી દેવામાં આવી હતી. એનઆઈએ દ્વારા આ કેસમાં ૧૩ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જેમાંથી સુનિલ જોશીનું મોત થઈ ચુક્યું છે. ત્રણ ફરાર છે. સ્વામી અસીમાનંદ, દેવેન્દ્ર ગુપ્તા, ચંદ્રશેખર લેવે, લોકેશ શર્મા અને મુકેશ વાસાની, હર્ષદ, ભારત મોહનલાલ, સંદિપ ડાંગે, રામચંદ્ર, ભાવેશભાઈ પટેલ, સુરેશ નાયર, મેહુલને આરોપી બનાવવામાં આવ્યા હતા. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે સ્વયં સેવક સંઘ સાથે જોડાયેલા કેટલાક હિન્દુ કટ્ટરપંથી લોકો દ્વારા આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ૨૦૦૨માં અમરનાથ યાત્રા અને જમ્મુના રઘુનાથ મંદિરમાં આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. અસીમાનંદ અને બીજા હિન્દુ આરોપીઓનો મામલો સપાટી પર આવ્યા બાદ તત્કાલીન ગૃહમંત્રી સુશિલકુમાર શિંદેએ હિન્દુ આતંકવાદનો ઉપયોગ કર્યો હતો. જેના કારણે ભારે હોબાળો મચી ગયો હતો.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશ અને મણિપુરમાં શરૂઆતી કલાકોમાં જ કેટલીક જગ્યાએ લાંબી લાઈન જોવા મળી હતી. ઉત્તરપ્રદેશમાં આજે સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન યોજાયું હતું. મણિપુરમાં બીજા અને અંતિમ તબક્કામાં મતદાન યોજાયું હતું. આજના મતદાનની સાથે જ ચૂંટણી પ્રક્રિયા પાંચ રાજ્યોમાં પૂર્ણ પુરી થઈ ગઈ છે. હવે ૧૧મી માર્ચના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. ઉત્તરપ્રદેશમાં સાતમાં અને અંતિમ તબક્કામાં મતદાનને લઈને ૧.૪૧ કરોડ મતદારોમાં ભારે ઉત્સુકતા દેખાઈ હતી અને અગાઉના તબક્કાની સરખામણીમાં આજે મતદાનની ટકાવારી પણ સારી રહી હતી.